# શાશ્વત્ અને અનંત – ૐ

ૐ એક પવિત્ર, આધ્યાત્મિક પ્રતીક અને મંત્ર છે. એ રહસ્યમય અવાજ છે જે બૌદ્ધ, હિંદુ, જૈન, શીખ અને આજકાલ ઊભરતા ગોપનીય કે ગૂઢ પંથો, સંપ્રદાયોમાં ઉચ્ચારાય છે. ભારતના પ્રાચીન ધાર્મિક ગ્રંથો જેવા કે સામવેદ અને ભાષ્ય (મીમાંસા)માં આ શબ્દ આલેખાયો છે, જેનો અર્થ થાય છે 'ગીત' અથવા 'મંત્રોચ્ચાર'.

ૐ એ વિશ્વનો આદિમ અવાજ છે, જેને આપણા ઋષિ-મુનિઓ, ભવિષ્યદ્રષ્ટાઓ અને પેગંબરોએ સતત ઉચ્ચાર્યો છે. તેઓએ આપણા વિશ્વના અસ્તિત્વનું સન્માન કર્યું છે, જે વિશ્વ આપણા અસ્તિત્વને જીવંત રાખે છે અને પોતાના દિવ્ય હસ્તે અથવા ઊર્જાના કોઈક અજાણ્યા બળથી ટેકો આપે છે.

આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહ્યું છે, "કોઈ પણ વ્યક્તિ જે વિજ્ઞાનમાં શોધ-સંશોધન માટે ઊંડે ને ઊંડે ઊતરતી જાય, એને ખાતરી થાય છે અને સ્પષ્ટપણે દેખાય છે કે જે વિશ્વના કાનૂનોમાં એક આધ્યાત્મિક પાસું છે – એક ઊર્જા છે, તે મનુષ્ય કરતાં ઉત્કૃષ્ટ છે."

આ ઊર્જા એ ચેતના છે અને સર્વજ્ઞ વ્યાપેલી છે. આ વિશ્વ જીવંત છે અને અગાઢ છે, માત્ર એક અતિ સૂક્ષ્મ કણ રૂપે આપણે એનો હિસ્સો છીએ. ઉપનિષદ જણાવે છે, "ૐ બધાનું પ્રતિનિધિત્વ કરે છે... આરંભ મધ્ય અને અંત. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. એ તમામ અવાજોને આવરે છે, માનવજાત, કુદરત, મશીનો... એ પૃથ્વી અને વિશ્વનું ગુંજન છે."

## બ્રહ્માંડ, તત્ત્વમીમાંસા અને મંત્રોચ્ચાર

હિંદુ ધર્મમાં ૐ સૌથી પવિત્ર અવાજ મનાય છે. એ દિવ્યતાની અનંત ઊર્જા હોવાનું પ્રતીક છે. આ અવાજને ઉદ્‌ગીત તરીકે, અર્થાત્ આદિમ અવાજ તરીકે પણ ઓળખવામાં આવે છે. સામવેદ અને ભાષ્યમાં ૐનો ઉલ્લેખ છે અને એનો અર્થ છે 'ગીત' અથવા કીર્તન કે રાગ આલાપવો.

જૈન અને બૌદ્ધ ધર્મોએ લગભગ 3700 વર્ષ પહેલાં બ્રહ્માંડ અને વિશ્વ વિજ્ઞાન અંગે પોતાના આગવા દૃષ્ટિકોણ કેળવ્યા છે. જૈન ધર્મ જણાવે છે, જીવ એટલે કે આત્મ-ઊર્જાનો સ્રોત છે જે બ્રહ્માંડ સાથે એકરૂપ થાય છે; જ્યારે પદાર્થ નિષ્ક્રિય છે, જડ છે. આત્માની અસીમિત શક્તિ સ્વીકારતાં એ જણાવે છે કે યોગ્ય પ્રક્રિયા અને સાધનો દ્વારા વિશ્વમાં સૌથી ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકાય છે. જૈન ધર્મમાં ૐકારને 'નમોકાર' કહેવાયો છે, જ્યાં 'નમો' એટલે અરિહંત અને તીર્થંકરો સમક્ષ માથું નમાવો.

બૌદ્ધ ધર્મમાં એને 'ૐકારા' અથવા 'ૐ મણિ પદ્મે હુ' તરીકે સ્વીકારાયો છે. 'મણિ'નો અર્થ છે રત્ન અને પદ્મનો અર્થ છે કમળનું પુષ્પ, જે બૌદ્ધ ધર્મમાં અત્યંત પવિત્ર મનાય છે. એનાથી ભગવાન બુદ્ધનું આહ્‌વાન થાય છે અને એમને પ્રબળ રીતે આકર્ષી આશીર્વાદ મેળવી શકાય છે. બૌદ્ધ ધર્મ જણાવે છે, "આત્મા વગર જીવતું કોઈ પણ સ્વરૂપ ખાલી છે, આ ખાલીપણું જડ છે." મહાયાન જણાવે છે, "આખરે તમામ ઘટના શૂન્યતા છે, અપરિવર્તનીય સારનો ખાલીપો છે. આ જ ખાલીપો તમામ ક્રિયાઓની લાક્ષણિકતા છે, અનુભવાતીત, શાનદાર સચ્ચાઈ નથી, એ પોતાનામાં જ એક ખાલી હોવાનો અર્ક છે.

શીખ ધર્મમાં ૐનું વારંવાર આહ્‌વાન કરાય છે, કારણ એ 'સમય અને અવકાશનું સમગ્ર સર્જન' છે.

અક્ષર, શાબ્દિક દૃષ્ટિએ જોઈએ તો અવિનાશી, અપરિવર્તનીય, અડગ છે. દરેક કક્કામાં એ એક અક્ષર પણ છે.

માનવ અસ્તિત્વના બધાં પાસાં જોઈએ તો શારીરિક આકાર, લાગણી, ઇચ્છાશક્તિ, અનૂભૂતિ અને ચેતનાનો સરવાળો છે. સંસ્કૃતમાં 'પ્રજ્ઞાપારમિતાહૃદય' (હૃદયસૂત્ર) જણાવે છે :

***गते गते पारगते पारसंगते बोधि स्वाहा ।***

એનો અર્થ છે, "ગયાં (ભૃત), ગયાં (ભૃત), દરેક જણે (જીવનના) સામેના કાંઠે, જાગ્રત અવસ્થામાં જવાનું છે અને તમામ અહંભાવને ઓગાળી, તમામ લાગણી વિસર્જિત કરીને, સર્વોચ્ચ શક્તિને સમર્પિત થવાનું છે."

ૐના પ્રત્યેક ઉચ્ચારણમાં અસંખ્ય સૈદ્ધાંતિક જોડાણો છે. વિચારોમાં ગરકાવ થવાના એમાં બીજ છે. 'આ' આપણી બહારની, આસપાસની દુનિયા સંબંધિત આત્મનિષ્ઠ ચેતના દર્શાવે છે, 'ઉ' એક સ્વપ્નમય સ્થિતિ છે, જે આપણી ભીતરની દુનિયાની ચેતના, સપનાં, સ્મૃતિઓ દર્શાવે છે અને 'મ' ગાઢ નિદ્રાની સ્વપ્નરહિત અવસ્થા અને પરમ ઐક્યનો અનુભવ છે.


ભાષા એ નવા દેશ, નવા વેશ, નવી સંસ્કૃતિમાં પ્રવેશવાની બારી છે. ભાષા કાને પડતાં એ બોલાતી હોય તે દેશ, તેની ભૌગોલિક સ્થિતિ, રમણીય સૌન્દર્ય, તેના રહેવાસીઓ, તેમની સંસ્કૃતિ, તેમની કલા-કારીગરી-સ્થાપત્ય એ બધું મનની આંખ સામે તરવા લાગે છે. મન એમની સાથે એક જોડાણ અનુભવે છે.

આ વાત ધ્યાનમાં રાખીને એશિયન દેશો અને તેમની સંસ્કૃતિ સાથે વણાયેલા આ એક અક્ષર ૐને જે તે દેશની ભૌગોલિક પૃષ્ઠભૂમિ, કલા-કારીગરી, સંસ્કૃતિ વગેરે સાથે જોડીને રજૂ કર્યો છે. આમ લિપિ માત્ર લિપિ ના રહેતાં જે તે પ્રદેશના કુદરતી સૌન્દર્યની સહેલ કરાવે છે, લોકજીવનની ઝાંખી કરાવે છે, સંસ્કૃતિ અને રીત-રિવાજોના દર્શન કરાવે છે. જે તે પ્રદેશની ઊડીને આંખે વળગે તેવી લાક્ષણિકતાને અહીં કંડારવાનો મારો પ્રયાસ રહ્યો છે. ૐના પ્રત્યેક અક્ષરમાં વચ્ચે ખૂબ બારીક ડિઝાઇન દોરેલી છે, જેનું ક્યાંય પુનરાવર્તન નથી. જીવનની જટિલતા અને વિવિધ વિષમતાની એ સૂચક છે. ચારે તરફ એક કલાત્મક સીમારેખા આંકીને વચ્ચે ૐ ચીતરવાની મારી કોશિશ રહી છે.

સમસ્ત વિશ્વમાં વિસ્તરેલો આ નાદ એક બિંદુમાંથી ઉદ્ભવે, વ્યક્તિના માંહ્યલામાંથી ઊઠે અને તમામ રેખા, સીમા, સરહદ ભેદીને બ્રહ્માંડની સફર કરાવે એવી લાગણી છે. એક સ્તર પર ૐ અક્ષર માત્ર અક્ષર જ રહેશે. આ રેખાંકન કહો કે કલાકૃતિ, એ સુંદર છે, visual enjoyment છે, માનસદર્શનનો આસ્વાદ છે, જો એમ વિચારીને બાજુ પર મૂકશો તો એ લોભામણી ડિઝાઇન જ લાગશે. એને માત્ર ડિઝાઇનમાં ખપાવીને બાજુ પર ના મુકાય એ હેતુથી એનું એક holistic ચિત્ર અહીં રજૂ કરું છું, જે એના ઉદ્ભવ, પરંપરા કે ચિત્રાંકનમાં છુપાયેલા એના સંદર્ભો છતા કરે છે. ક્યાંક એનું કુદરતી સૌંદર્ય છતું કરે છે. ક્યાંક ગીત-સંગીત-નૃત્યમાં એમના ઝિંદાદિલ સ્વભાવ, મસ્તી, બેફિકરાઈ રજૂ થાય છે, તો ક્યાંક ભરત-ગૂંથણ કે શિલ્પ-સ્થાપત્યના નમૂના જે તે સમાજની સમૃદ્ધિ, કારીગરી અને કલામાં તેમની નિપુણતા દર્શાવે છે. અને આ તમામ પરિસ્થિતિઓ મનને એક અનેરો આનંદ અને શાંતિ આપે છે. જીવન કેટલું જટિલ છે, એનો સંકેત છે. જીવનસફરમાં કેટકેટલા આવરણો ભેદવાનાં છે એનો આધાર છે, કોઈ ભરત-ગૂંથણની વિશેષતા, સ્થાપત્યની બારીકી, શણ અને ચટાઈના વણાટ કામની ભાત, ખોદકામમાં મળેલી સંસ્કૃતિના અવશેષો, વાંસની બનાવટો, સંગીતનું કોઈ વાજિંત્ર, બૌદ્ધ ધર્મનાં પ્રતીકો, આદિવાસી સમાજની ચિત્રકલા વગેરે રજૂ કર્યાં છે. આમ એક-એક સ્તર ખોલીને જોશો, તો ૐની વધુ ને વધુ નજીક જઈ શકશો. ૐની આસપાસ જે તે દેશ-પ્રદેશની વનસ્પતિ, પર્ણોની દુનિયા છે. અને ચારે બાજુ દોરેલી સીમારેખા જે તે દેશ સાથે જોડે છે. ફરીફરીને એ અક્ષર વાંચતા ૐ શબ્દ બને છે અને એનાં રહસ્યનાં પડળ એક પછી એક વાચક સમક્ષ ખૂલતાં જાય છે, જે તમારા આત્માને ઝણઝણાવશે. એ માત્ર કોઈ એક પ્રાંત કે દેશની જ નહીં, વિદેશોની સફર કરાવશે અને એમાં વસતા લોકોની જીવનશૈલી સાથે એક તંતુથી જોડશે.

પ્રત્યેક ભાષાના ઉદ્ભવની ટૂંકમાં માહિતી અને તેના ઇતિહાસનું વર્ણન છે અને જે તે પ્રદેશ અને લોકોનું અનુસંધાન આલેખ્યું છે. ભાષાઓને અહીં ત્રણ જૂથમાં વિભાજિત કરી છે : પ્રાચીન ભાષાઓ અને પ્રતીકો, ભારતીય ભાષાઓ અને વિદેશી ભાષાઓ.

# ભારતની પ્રાચીન ભાષાઓમાં



# આર્યસમાજ

પ્રતીક ..........................................................................................

આર્યસમાજ ('ઉમદા લોકોનો સમાજ') એકેશ્વરવાદમાં માનતી આધુનિક ભારતીય સુધારણા ચળવળ છે જે હિંદુ શાસ્ત્રોના વેદ (સૌથી આરંભના હિંદુ ધર્મગ્રંથો અને મૂળપાઠમાં વર્ણવાયેલા સત્યને હાર્દરૂપ અને સુસ્પષ્ટ માને છે. સમાજની સ્થાપના ભારતીય ફિલસૂફ અને સમાજ સુધારણાના અગ્રણી મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કરી હતી. વિધિસર રીતે તે એપ્રિલ 10, 1875ના રોજ મુંબઈમાં સ્થપાયો હતો. સમાજે એના આરંભથી જ ભારતીય રાષ્ટ્રીય ચળવળ આગળ ધપાવવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ભારતના મોટાં શહેરો અને ખાસ પશ્ચિમ અને ઉત્તર ભારત તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અંદાજે 80 લાખ લોકો આર્યસમાજને અનુસરે છે.


આર્યસમાજ મૂર્તિપૂજા, પ્રાણીઓનો વધ, પૂર્વજો પાછળ ક્રિયાકાંડ, જન્મ આધારિત જાતિ નિશ્ચિત કરવી, બાળલગ્ન, જાત્રા, પૂજારીગીરી અને મંદિરોમાં નૈવેદ્ય ચડાવવાનો વિરોધ કરે છે. એ વેદની અફર વાણીને વરેલો છે, કર્મ (ભૂતકાળમાં કરાયેલાં કર્મોનો હિસાબ) અને પુનર્જન્મ, ગાય પવિત્ર છે તે, વ્યક્તિગત સંસ્કાર (ધાર્મિક અનુષ્ઠાન), અગ્નિહોત્રમાં હોમ કરવા અને સમાજ સુધારણાનાં કાર્યોમાં માને છે. આ સમાજે મહિલાઓને શિક્ષણ આપવા ખૂબ મદદ આપી છે, પ્રોત્સાહન આપ્યું છે અને આંતરજાતીય લગ્નને પ્રખર ટેકો આપ્યો છે : મિશનો, અનાથાલયો અને વિધવા સ્ત્રીઓ માટે ગૃહો બાંધ્યાં છે, વિધવાઓના પુનર્લગ્નની હિમાયત કરી છે, વૈદિક શાળાઓ અને કૉલેજોનું માળખું સ્થાપ્યું છે; તેમજ દુષ્કાળ રાહત અને તબીબી સહાયના કાર્યો કર્યાં છે.

આર્યસમાજ માત્ર એક સર્જનહાર - ઈશ્વરમાં માને છે, જેને યજુર્વેદમાં જણાવ્યા અનુસાર એક શબ્દ ૐ (અ+ઉ+મ)માં દર્શાવાયો છે. ઈશ્વરનું આ સૌથી યથાયોગ્ય, સર્વોચ્ચ નામ હોવાનું મનાય છે, જે સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વશક્તિમાન, તમામ ચીજ-વસ્તુનું મૂળ, પરમ સુખ દેનાર, દયાળુ અને બુદ્ધિમાન છે.

ૐ પ્રતીકનું અર્થઘટન જીવનના નિર્મળ પાયા તરીકે અને એ જ સર્વસ્વ છે એ રીતે કરાય છે. એ શાશ્વત્ અનંત અને અંત વગરનો જ્ઞાન અને ભાષા છે. ભારતીય આધ્યાત્મિક વિજ્ઞાન જણાવે છે કે આ એક અવાજ છે જે ભગવાને સૌપ્રથમ સર્જ્યો હતો અને એમાંથી વિશ્વનો ઉદ્ભવ થયો. આ અવાજે આપણા સમગ્ર અસ્તિત્વને ઘડ્યું છે. તમામ દ્રવ્ય કે પદાર્થ એમાંથી સર્જાયાં છે અને ૐ તમામ અવાજોમાં સૌથી પવિત્ર અવાજ છે, એ એક નાદ છે. એક એવો સ્વર કે જેમાં સમગ્ર બ્રહ્માંડનું પૂર્વ-નિર્ધારણ હતું.

---

*આર્યસમાજ હિન્દી ભાષામાં બોલાય તે રીતે ૐના અક્ષરો 'ઓ', 'ઉ' અને 'મ'ને લેખિત રૂપમાં રજૂ કરે છે, જે સમાજનું પ્રતીક છે. ૐને અહીં વનરાજી સાથે રજૂ કર્યો છે.*


ओ३म
ओ३म
ARYA SAMAJ -Symbol



# બ્રાહ્મી

ભાષા ..................................................................................................


બ્રાહ્મી ભાષાનો પ્રાચીન દક્ષિણ એશિયામાં ઈસવી સન પૂર્વેનાં વર્ષોમાં વિકાસ થયો હતો. ત્રીજી સદીમાં એની લિપિનો સંપૂર્ણ વિકાસ થયો. ત્યાર બાદ હજારેક વર્ષની સમયાવધિમાં એમાંથી અનેક પ્રાદેશિક ભાષાઓનો વિકાસ થયો. બ્રાહ્મણ વિશારદોએ એના ઉચ્ચારો સ્થાનિક સંસ્કૃત અને પ્રાકૃત જેવી ભાષાઓના ઉચ્ચારોને અનુરૂપ હોવાને કારણે એને સંસ્કૃતમાં તરત જ અપનાવી લીધી. આમ સંલગ્ન અને એકરૂપ થવાને કારણે એ ઝડપભેર ધાર્મિક ગ્રંથો અને સંપ્રદાયોની સત્તાવાર ભાષા બની. આને કારણે એ સમગ્ર ભારતમાં ફેલાઈ. બીજી એક ભારત-ઈરાનિયન ભાષા ખારોશ્તી કે જે બ્રાહ્મીની સમકાલીન હતી, તે ઝડપભેર મધ્ય એશિયાથી ભારત તરફ પૂરવેગે આગળ વધી રહી હતી. પરંતુ ભારતમાં બ્રાહ્મી છવાયેલી હતી. ઈસુ પૂર્વેના છેલ્લાં વર્ષોમાં બ્રાહ્મી ત્રણ મોટાં જૂથમાં વિભાજિત થઈ - ઉત્તરી, દક્ષિણ-પૂર્વી અને દક્ષિણી; અને પાંચમી સદીમાં જુદી-જુદી શાખાઓ નજરે પડી. દક્ષિણમાં 'પલ્લવ' અને 'કદંબ' લિપિઓ વપરાવા લાગી. ઉત્તર-મધ્ય ભારતના મૌર્ય શાસનમાં સમ્રાટ અશોકના સમયમાં (268 BCE - 232 BCE) બ્રાહ્મીના સૌથી પુરાતન અને સૌથી પહેલા અવશેષો અશોકના શિલાલેખોમાં મળી આવ્યા છે.

બ્રાહ્મી લિપિ આમ કહીએ તો તમામ આધુનિક ભારતીય ભાષાઓની લિપિઓની જનક છે. એશિયામાં લગભગ 120 પ્રકારની લેખનશૈલી એમાંથી વિકસી છે, જેમાંથી 40 ભારતમાં મોજુદ છે. તમામ આધુનિક ભારતીય ભાષાઓ અને સેંકડો અન્ય ભાષાઓ કે જે દક્ષિણ-પૂર્વ અને પૂર્વ એશિયામાં પ્રચલિત છે, તે તમામ બ્રાહ્મીમાંથી વિકસી છે.

આમ ગ્રીક ભાષામાંથી પાશ્ચાત્ય ભાષાઓ અને શૈલીઓ ઉદ્‌ભવી તે જ રીતે બ્રાહ્મીશૈલી ઘણી એશિયન ભાષાઓની જનની રહી છે.

---

*ૐ અહીં બ્રાહ્મી ભાષામાં તેના ખૂબ સરળ રૂપમાં રજૂ કર્યો છે. તેના પાયા પાસે કમળની પ્રતીતિ કરાવે તેવાં પાન છે, જે અશોકના સમયના સ્થાપત્યની યાદ અપાવે છે. અશોકના શિલાલેખો, સ્તંભ, મહાકાય શિલાઓ અને ગુફાઓની દીવાલો પર એ જોવા મળે છે.*


Kalpana ND 2019
BRAHMI - Ancient, India



## બૌદ્ધ

### પ્રતીક ત્રિયંકા

ત્રિયંકા, ત્રિઅંકા, અથવા ત્રિરત્ન બૌદ્ધ ધર્મમાં ૐનું સૌથી જૂનું પ્રતીક મનાય છે. બૌદ્ધ ધર્મના એ ત્રણ મુખ્ય સંદેશ રજૂ કરે છે – બુદ્ધ એટલે કે જ્ઞાની, ધર્મ એટલે કે બૌદ્ધ ધર્મના ઉપદેશ અને સંઘ એટલે મઠનું સામૂહિક જીવન. આ ત્રણને મન અર્થાત્ વિચારશક્તિ, વાણી અને શરીર સાથે જોડવામાં આવે છે. આ આદરણીય પ્રતીક અતિપ્રાચીન બૌદ્ધ ગુફાઓમાં, મોટાં તોરણોમાં અને સાંચીના પ્રાચીન બૌદ્ધ સંકુલમાં તેમજ બૌદ્ધ રાજ્યોના સિક્કાઓમાં જોવા મળે છે.

સમયના પ્રવાહ સાથે નવાં પ્રતીકો ઊપસ્યાં છે.

---

*બૌદ્ધ સાધુઓ જ્યારે ધ્યાનમુદ્રામાં બેસે છે તે ત્રિયંકા છે. આ મુદ્રા અહીં હલકા પીંછા સાથે દર્શાવી છે. આમ, ૐ એક બોજરહિત જીવનનો સંકેત છે. બૌદ્ધ ધર્મનાં અન્ય પ્રતીકોમાંથી સ્વસ્તિક, આકાશ, વાદળાં અને કમળપર્ણો ત્રિયંકાની રેખાઓમાં અને ચારે બાજુ ફરતી સીમારેખાઓ વચ્ચે આંકેલાં છે.*


TRIANKA - OLDEST BUDDHIST SYMBOL

# ગ્રંથ


ભાષા ..............................................................................

ગ્રંથલેખન શૈલી ચોથી સદીમાં વિકસી છે. એ પલ્લવ ગ્રંથ તરીકે ઓળખાતી હતી અને ભારતમાં સાતમી સદી સુધી એ અમલમાં રહી. એ પલ્લવ શૈલીમાંથી વિકસી હતી. આરંભની ગ્રંથ શૈલી સંસ્કૃતલેખનમાં વપરાતી હતી અને હિંદુ મંદિરો અને બૌદ્ધ મઠોમાં તાંબાની થાળીઓ અને પથ્થરો પર એ કંડારાતી હતી. સાતમી સદીમાં એમાંથી મધ્ય ગ્રંથ ભાષાનો વિકાસ થયો અને આઠમી સદીમાં એનું વહન શરૂ થયું. એ 14મી સદી સુધી ચલણમાં રહી અને ત્યાર બાદ આધુનિક ગ્રંથશૈલીનો વિકાસ થયો. સંસ્કૃત અને દ્રવિડિયન ભાષાઓનાં શાસ્ત્રીય લખાણ આ શૈલીમાં થયાં છે. એ શ્લોકોના પ્રણાલીગત મંત્રોચ્ચારમાં ઉપયોગમાં લેવાતી અને વૈદિક શાળાઓ આ ભાષામાં અધ્યયન કરાવતી હતી.

દક્ષિણ એશિયાની શૈલી જેવી કે થાઈ, જાવાનીઝ, તિગળારી અને સિંહાલા ગ્રંથમાંથી વિકસી છે. તામિલ ભાષામાં એને ગ્રંથ એળુટ્ટુ અને મલયાળમ ભાષામાં એને ગ્રંથ લિપિ કહે છે.

---

*ॐ અહીં મંદિરની દીવાલો પર કરેલી વનસ્પતિની કોતરણી અને વિવિધ ભાતના સમન્વય સાથે દર્શાવ્યો છે.*


Kalpana ND 2018
Grantham symbol

## ગ્રંથ

ભાષા ..................................................................................................


ગ્રંથલેખનશૈલી ચોથી સદીમાં વિકસી છે. એ પલ્લવ ગ્રંથ તરીકે ઓળખાતી હતી અને ભારતમાં સાતમી સદી સુધી એ અમલમાં રહી. સંસ્કૃતમાં ગ્રંથનો શાબ્દિક અર્થ થાય છે ગાંઠ અને જે શૈલી લખાતી હતી તે પણ ગ્રંથ તરીકે ઓળખાતી હતી. જે તાડપત્રો પર ગ્રંથો લખાતા હતા તેમને એક લાંબા દોરાની ગાંઠો વડે સિલાઈ કરી એકઠા રાખવામાં આવતા હતા. દક્ષિણ એશિયાના તામિલ ભાષા બોલતા પ્રદેશોમાં પાંચમી સદીથી આધુનિક સમય સુધી સંસ્કૃત ભાષા લખવા ગ્રંથનો ઉપયોગ થતો હતો.

ઐતિહાસિક રીતે જોઈએ તો 'મણિપ્રવલમ્', એક 'સંકરણ' ભાષામાં તામિલ અને સંસ્કૃત ભાષાઓનું સંમિશ્રણ વપરાતું હતું. આને કારણે એક જટિલ લેખનશૈલી વિકસી, જેમાં તામિલ શબ્દો તામિલ ભાષામાં જ લખવા અને સંસ્કૃત શબ્દો ગ્રંથ ભાષામાં લખવા એવું પ્રચલિત થયું. 15મી સદીમાં સ્થિતિ એ આવી કે બંને શૈલી એક જ શબ્દમાં વપરાવા લાગી.જો મૂળ ધાતુ (ક્રિયા) સંસ્કૃતમાંથી આવી હોય તો એ ગ્રંથશૈલીમાં લખાય; પણ એ શબ્દમાં જો ગમે તે તામિલ પ્રત્યય લગાડાય તો તે તામિલશૈલીમાં લખાય. મણિપ્રવલમ્ની લોકપ્રિયતા આ જટિલતાને કારણે ઘટવા લાગી તેમ આ પદ્ધતિ લોપ થતી ગઈ, પણ 20મી સદી સુધી એ અમલમાં રહ્યું કે મણિપ્રવલમ્માં છાપેલી સામગ્રી મૂળ છપાઈ હતી તે જ રીતે છપાશે.

આધુનિક સમયમાં તામિલભાષી હિંદુઓ ધાર્મિક સંદર્ભમાં આજે પણ તામિલ-ગ્રંથની સંયોજિત શૈલી વાપરે છે. ઉદાહરણ તરીકે, બાળકના જન્મ પછી એના નામકરણ-સંસ્કાર વખતે, લગ્ન વેળા છપાતી પ્રણાલીગત કંકોતરીમાં અને વ્યક્તિના મૃત્યુ બાદ કરાતી અંતિમ સંસ્કારની જાહેરાતમાં તામિલ-ગ્રંથ સંયોજિત શૈલીમાં વિગતો લખાય છે. ઘણાં ધાર્મિક 'પંચાંગો' કે 'ટીપણાં'માં આજે પણ આગામી વર્ષની આગાહી કે સારાંશમાં આ જ ભાષા વપરાય છે.

---

*ૐ અહીં દક્ષિણ ભારતનાં મંદિરોના સ્થાપત્યમાં દેખાતાં વૃક્ષો અને પ્રતીકો સાથે દર્શાવ્યો છે.*


GRANTHA


# જૈન
પ્રતીક ..................................................................................................

જૈન ધર્મની ફિલસૂફી મુજબ ॐને એક પ્રતીકના રૂપમાં સ્વીકારાયો છે. એ પરમ પદ ધારિત પાંચ આત્મા, અર્થાત્ પંચપરમેષ્ઠીના આરંભના પાંચ અક્ષરોનો બનેલો છે. જૈન ધર્મના ગ્રંથો બ્રાહ્મીમાંથી વિકસેલી અર્ધમાગધી અને પ્રાકૃત ભાષાઓમાં લખાયેલા છે. જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા વ્યક્તિ આધ્યાત્મિક સફર શરૂ કરી દિવ્યતાનું આહ્‌વાન કરે છે અને પોતાનામાં આત્મસાત્ કરે છે. એનો પ્રારંભિક તબક્કો છે મુનિ '(સાધુ)', એટલે કે જેણે દુન્યવી જીવનનો ત્યાગ કર્યો છે અને ગુરુની નિશ્રામાં રહે છે. આધ્યાત્મિક પ્રગતિ સાધતાં તે ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને અશરીરી જેવા વિવિધ તબક્કા ક્રમવાર સાધે છે. આમ, જૈન ધર્મમાં, ॐ એક અક્ષર છે જે પંચપરમેષ્ઠીના પાંચ આરંભના અક્ષરોનું સંયોજન છે : અશરીરી, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ. ટૂંકમાં, અ+અ+આ+ઉ+મ = ॐ. અહીં એ અર્ધમાગધી ભાષામાં લખાયો છે.

---

*મુનિ અર્થાત્ સાધુ જમીન પરથી ઊઠે છે, એની રેખા વળાંકદાર ઊર્ધ્વ દિશામાં દોરેલી છે. એ પછીનો તબક્કો એક સમાંતર રેખા છે જે થોડા વળાંક સાથે નીચેની તરફ ઢળેલી છે. સફરમાં નબળી ક્ષણનું એ પ્રતીક ઉપાધ્યાયનો તબક્કો દર્શાવે છે. એ પછી ઉપર એક સમાંતર રેખા ચરિત્રમાં દૃઢતા અને સ્થિરતાનો નિર્દેશ કરે છે, જે આચાર્યનો તબક્કો છે. ઊર્ધ્વગમન કરતો, પાંચમના ચંદ્ર જેવો ચંદ્રાકાર જે ઉપાન્ત્ય છે તે સંપૂર્ણ ત્યાગ દર્શાવે છે. આ અરિહંત છે, જેની પ્રગતિ હવે માત્ર આકાશ ભણી થાય છે. એની ટોચે એક સઘન વર્તુળ છે, જે સૂચવે છે કેવળજ્ઞાનની પ્રાપ્તિ. આ મુક્ત આત્મા કે જેનો ભૌતિક દેહ હવે હોતો નથી તે અશરીરી તબક્કો છે.*

*પંચપરમેષ્ઠી એ જૈન ધર્મના સૂક્ષ્મ અહિંસા અને ત્યાગનો મુખ્ય સારાંશ છે. આધ્યાત્મિક સફરના આરંભથી કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધીની સફરના આ પાંચ તબક્કા ચડતા ક્રમમાં દર્શાવ્યા છે. એના પ્રથમ અક્ષરો મળી જૈન ધર્મનું ॐ પ્રતીક બને છે.*


KalpanaND2018N
Jain SYMBOL

# સિદ્ધમ્

ભાષા ........................................................................

સિદ્ધમ્ જે સિદ્ધમાત્રિકા તરીકે પણ ઓળખાય છે તે બ્રાહ્મિક લિપિ છે, જે છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં ગુપ્ત લિપિમાંથી વિકસી હતી. સિદ્ધમ્ નામ સંસ્કૃતમાંથી આવ્યું છે જેનો અર્થ છે 'નિરુણ અને સંપૂર્ણ'. સિદ્ધમ્ લિપિનો મહત્તમ ઉપયોગ જપાનના બૌદ્ધ ધર્મના શિંગોન સંપ્રદાયે સંસ્કૃતના મંત્રો અને સૂત્રો લખવા માટે કર્યો છે. જપાનમાં એ બોન્જી તરીકે ઓળખાય છે. ઘણા બૌદ્ધ ગ્રંથો, એમાંય ખાસ કરીને તંત્ર ગ્રંથો સિલ્ક રૂટ દ્વારા ચીન લઈ જવામાં આવ્યા હતા. તંત્ર વિજ્ઞાનમાં મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ અત્યંત આવશ્યક હોય છે અને ચીનની ભાષામાં એ શક્ય નહોતું, આથી સિદ્ધમ્ લિપિ જ ત્યાં વાપરવામાં આવી હતી. ચીનમાં એ શિતાન વેન્ઝી તરીકે ઓળખાય છે. સાતમી સદીના આરંભમાં મધ્ય એશિયા અને કોરિયામાં એનું ચલણ હતું. આ લિપિમાં ઘણા સુધારા થયા અને વિવિધ ધર્મોમાં એમાં નાનાંનાનાં પરિવર્તનો થતાં ગયાં. સિદ્ધમ્નું ઉત્તર-પૂર્વ ભારતમાં એક સ્વરૂપ ગૌડી તરીકે ઓળખાયું; એનો વધુ વિકાસ આસામીઝ, બાંગ્લા, નાગરી, ઓડિયા તિરહુટ અને નેપાળી ભાષાઓમાં થયો.